BUSINESS મિત્ર

બ્રોડર માર્કેટ તથા બેન્ક શેરોમાં ઉછાળાથી રોકાણકારોને 5 લાખ કરોડની કમાણી

ક્રૂડમાં ઘટાડો અને RBIના નિર્ણયથી બજાર ગેલમાં

વાણિજ્ય પ્રતિનિધિ તરફથી

અમદાવાદ, તા. 9: પશ્ચિમ એશિયામાં ચાલી રહેલો તણાવ હળવો થવાની અપેક્ષાએ આજે શેરબજારમાં રીકવરી જોવા મળી હતી. તેની સાથે નિફ્ટી વીકલી એક્સપાયરીના પગલે શોર્ટ કવરીંગ પણ જોવા મળ્યું હતું. જોકે, આજે રોકાણકારોમાં શોર્ટ કવરીંગ રહ્યું હતુ, પણ નવી લેવાલીમાં સાવચેતી જોવા મળી હતી.

આરબીઆઈએ વિદેશી ચલણના પ્રવાહને આકર્ષવા માટે યુએસડી-આઈએનઆર સ્વેપ સુવિધાઓની જાહેરાત કર્યા પછી બેન્કિંગ અને ફાઈનાન્સીયલ શેરોમાં લેવાલી રહી હતી, જેથી બેન્ક નિફ્ટીમાં ઝડપી સુધારો જોવાયો હતો. તેની સાથે મીડલ ઈસ્ટમાં તણાવ હળવો થવાના અહેવાલે ક્રુડ ઓઈલમાં ઘટાડો જોવાયો હતો.

ઈઝરાયેલ અને ઈરાન વચ્ચેના તણાવ હળવો થવાની અપેક્ષાએ વૈશ્વિક બજારને ટેકો આપ્યો હતો અને ક્રુડ ઓઈલ નરમ પડતા રોકાણકારોનો અવાજ ઉઠ્યો હતો. એશિયન બજારોમાં ઝડપી રીકવરી જોવા મળી હતી, જેની પાછળ ભારતીય શેરબજાર પણ રીકવર થયા હતા. જેમાં સેન્સેક્સ-નિફ્ટી અડધા ટકાના રીકવર થયા હતા. જેમાં નિફ્ટી 23200 પોઈન્ટની ઉપર બંધ રહી હતી. જોકે, સૌથી સારૂં પ્રદર્શન બ્રોડર માર્કેટમાં રહ્યું હતું, જેમાં ઝડપી રીકવરી જોવા મળી હતી. જેના લીધે રોકાણકારોને રૂ. 5 લાખ કરોડની કમાણી કરી છે.

સેકટર વાઈઝ જોઈએ તો નિફ્ટી આઈટી ઈન્ડેક્સ અડધા ટકાનો ઘટાડો થયો હતો અને બજાર પર દબાણ લાવવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ નિફ્ટી પીએસયુ બેન્ક 3.62 ટકાના વધારા સાથે બંધ થયો હતો, જ્યારે ખાનગી બેન્કો અને રિયલ્ટીના નિફ્ટી ઈન્ડેક્સમાં દોઢ ટકાથી વધુનો ઉછાળો આવ્યો હતો. નિફ્ટી ઓટો ઈન્ડેક્સ એક ટકાથી વધુનો ઉછાળો દર્શાવ્યો હતો, જ્યારે મેટલ અને એફએમસીજીના નિફ્ટી ઈન્ડેક્સમાં અડધા ટકાનો વધારો થયો હતો. બીએસઈ લિસ્ટેડ કંપનીઓના માર્કેટ કેપમાં પાંચ લાખ કરોડ રૂપિયાનો વધારો થયો છે.

બીએસઈ સેન્સેક્સમાં 3.94.50 પોઈન્ટ એટલે કે 0.54 ટકા વધીને 73918.76 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા. આજે ઈન્ટ્રાડેમાં સેન્સેક્સ 74035 પોઈન્ટ સુધી ઉછળ્યો હતો, જ્યારે નીચામાં 73426 પોઈન્ટ સુધી ઘટ્યો હતો. નિફ્ટી 119.10 પોઈન્ટ એટલે કે 0.52 ટકા વધીને 23200 પોઈન્ટની સપાટી કુદાવીને 23242.10 પોઈન્ટના સ્તરે બંધ રહી હતી. આજે ઈન્ટ્રાડેમાં નિફ્ટી 23279 પોઈન્ટ સુધી ઉછળી હતી, જ્યારે નીચામાં 23104 પોઈન્ટ સુધી ઘટી હતી. બેન્ક નિફ્ટી 1130.75 પોઈન્ટ એટલે કે 2.09 ટકા વધીને 55000 પોઈન્ટની સપાટી કુદાવીને 55194.50 પોઈન્ટના સ્તરે બંધ રહ્યા હતા.

બીએસઈ ખાતે ઈઆઈડી પેરી 36.65 ગણા, આવાસ ફાઈનાન્સીયર્સમાં 20.48 ગમા, સેરા સેનીટરીવેરમાં 9.2 ગણા, બજાજ ફિનસર્વમાં 6.75 ગણા અને હોનાસા કન્ઝ્યુમરમાં 5.8 ગણા કામકાજ નોંધાયા છે. એનએસઈ ખાતે બેલરાઈસ ઈન્ડ.માં 9.66 ગણા, જૈન રિસોર્સ રિસાયકલીંગમાં 8.74 ગણા, બાયર ક્રોપસાયન્સીસમાં 5.89 ગણા અને એસ્ટર ડીએમ હેલ્થકેરમાં 3.68 ગણા તથા એનએલસી ઈન્ડિયામાં 3.59 ગણા કામકાજ નોંધાયા છે.

બ્રોડર માર્કેટમાં ઝડપી રીકવરી જોવા મળી હતી. બીએસઈ મિડકેપ ઈન્ડેક્સ 1.24 ટકા અને સ્મોલકેપ ઈન્ડેક્સ 1.39 ટકા વધ્યો હતો. જેના લીધે માર્કેટ બ્રેડથ મજબૂત રહી હતી. બીએસઈ ખાતે 2804 શેરો વધ્યા હતા, જ્યારે 1405 શેરો ઘટ્યા હતા અને 188 શેરો યથાવત રહ્યા હતા.

આરબીઆઈના યુએસડી-આઈએનઆર સ્વેપની જાહેરાત બાદ પીએસયુ શેરો ઉછળ્યા હતા. જેના લીધે નિફ્ટી પીએસયુ બેન્ક ઈન્ડેક્સ 3.62 ટકા વધ્યા હતા. જેમાં બેન્ક ઓફ બરોડા, બેન્ક ઓફ મહારાષ્ટ્ર, બેન્ક ઓફ ઈન્ડિયા, પંજાબ એન્ડ સિંધ બેન્ક, કેનેરા બેન્ક, યુકો બેન્ક, ઈન્ડિયન બેન્ક, પીએનબી, યુનિયન બેન્ક અને ઈન્ડિયન ઓવરસીઝ બેન્ક વધ્યા હતા. એસબીઆઈ પણ રૂ. 2000ને પાર નીકળી ગયો હતો.

વૈશ્વિક સ્તરે યુએસ ડાઉ જોન્સ ફ્યુચર્સ 104 પોઈન્ટ પોઝિટિવ ચાલ દર્શાવી રહ્યા હોવાથી આજે અમેરિકન બજારો સુધારા સાથે ખુલવાના સકેત આપી રહ્યા છે. યુરોપિયન બજારમાં સુધારાની ચાલ રહી હતી પણ રોકાણકારો ઈસીબીના પરિણામની રાહ જોઈ રહ્યા છે. મોટાભાગના એશિયન બજારો પણ પોઝિટિવ રહ્યા હતા.

યુરોપિયન બજારોમાં એફટીએસઈ 0.35 ટકા ઘટાડા સાથે ચાલી રહ્યા છે. જ્યારે કેક 0.84 ટકા અને ડેક્સ 0.17 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. એશિયન બજારોમાં નીક્કી 2.13 ટકા, સ્ટ્રેઈટસ 1.19 ટકા, તાઈવાન 2.69 ટકા, કોસ્પી 7.56 ટકા, જકાર્તા 7.04 ટકા અને શાંઘાઈ 1.26 ટકા સુધારા સાથે બંધ રહ્યા હતા. જ્યારે હેંગસેંગ 0.37 ટકા ઘટાડા સાથે બંધ રહ્યા હતા.

ક્રુડના ભાવ ઘટતા રૂપિયો 37 પૈસા સુધર્યો

મીડલ ઈસ્ટમાં તણાવ ઘટતા અને ક્રુડ ઓઈલના ભાવમાં ઘટાડો થતા કરન્સી બજારમાં રૂપિયામાં રીકવરી જોવા મળી હતી. આજે ડોલરની સામે રૂપિયો 37 પૈસા સુધરીને 95.35ના સ્તરે બંધ રહ્યો હતો. જ્યારે ગત સેશનમાં ડોલરની સામે રૂપિયો 95.72ના સ્તરે બંધ રહ્યો હતો. અન્ય કરન્સીઓમાં યુરો 109.59, પાઉન્ડ 127.13, કેનેડિયન ડોલર 68.59, ઓસ્ટ્રેલિયન ડોલર 66.74, જાપાનીઝ યેન 0.5952 અને સીંગાપોર ડોલર 73.91ના સ્તરે બંધ રહ્યા હતા.

ફોરેક્સ બજાર

ડોલર	95.35 રૂ.
યુરો	109.59 રૂ.
પાઉન્ડ	127.13 રૂ.
યેન	0.5952 રૂ.

સેન્સેક્સ	394.50	73918.76
નિફ્ટી	119.10	23242.10
બેન્ક નિફ્ટી	1130.75	55194.50

નિફ્ટી

ટોપ ગેઈનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઈન્ટરગ્લોબ એવીએશન	4.08	4537.60
જિયો ફાઈ.	2.34	234.21
આઈશર મોટર	2.17	7203.00
એસબીઆઈ	2.11	1002.70
ICICI બેન્ક	1.98	1375.00

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઓએનજીસી	2.13	259.00
ટાઈટન કંપની	2.09	4104.90
એનટીપીસી	1.86	355.65
પાવરગ્રીડ	1.58	285.70
ટેક મહિન્દ્રા	1.30	1483.80

સેન્સેક્સ

ટોપ ગેઈનર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ઈન્ટરગ્લોબ એવીએશન	3.86	4529.75
એસબીઆઈ	2.27	1004.20
ICICI બેન્ક	1.99	1274.90
એક્સીસ બેન્ક	1.92	1292.40
બજાજ ફાઈનાન્સ	1.84	886.90

ટોપ લુઝર્સ

કંપનીનું નામ	ટકાવારી	ભાવ
ટાઈટન કંપની	2.14	4101.70
એનટીપીસી	1.82	356.15
પાવરગ્રીડ	1.67	285.60
ટેક મહિન્દ્રા	1.02	1487.40
ભારતી એરટેલ	0.93	1798.90

યુદ્ધને કારણે ભારતીય રોકાણકારોના ૮.૪૦ લાખ કરોડ સ્વાહા

ભૂ-રાજકીય તણાવ અને ક્રૂડના વધતા ભાવ વચ્ચે સેન્સેક્સ ૯.૫૫% તૂટ્યો; બજાર આસપાસ બેવડા પડકારો

મુંબઈ, તા. 9: મધ્ય પૂર્વમાં ચાલી રહેલા યુદ્ધને ૧૦૦ દિવસ પૂર્ણ થતાં વૈશ્વિક બજારો સહિત ભારતીય શેરબજારમાં મોટો કડાકો જોવા મળ્યો છે. ૨૭ ફેબ્રુઆરીએ સેન્સેક્સ ૮૧,૨૮૭ ના સ્તરે હતો, જે ૮ જૂન સુધીમાં ૯.૫૫% (૭,૭૬૨.૯૩ પોઈન્ટ) ઘટીને ૭૩,૫૨૪.૨૬ પર આવી ગયો છે. આ સમયગાળા દરમિયાન બીએસઈ (BSE)નું માર્કેટ કેપ ૪૬૩.૫૦ લાખ કરોડથી ઘટીને ૪૫૫.૦૯ લાખ કરોડ થતાં રોકાણકારોને ૮,૪૦,૮૮૬ કરોડનું આંચકાજનક નુકસાન થયું છે.

ભારતીય બજાર હાલમાં બેવડા પડકારોનો સામનો કરી રહ્યું છે. પ્રથમ, જીઓ-પોલિટિકલ તણાવને કારણે બ્રેન્ટ ક્રૂડ ઓઈલ પ્રતિ બેરલ $૯૬ ને વટાવી ગયું છે. દ્વિતીય, વિદેશી સંસ્થાકીય રોકાણકારોએ (FPI) ચાલુ વર્ષે $૨૮ બિલિયનની ભારે વેચવાલી કરી છે. યુદ્ધના કારણે વિશ્લેષકોએ વર્ષ ૨૦gate૨૬ માટે MSCI ઈન્ડિયાના નફાનો અંદાજ ૧૬% થી ઘટાડીને ૧૩% કર્યો છે. સેક્ટર વાઈઝ જોઈએ તો, PSU બેંકોને સૌથી વધુ ફટકો પડ્યો છે અને તેનો ઈન્ડેક્સ ૧૬% સુધી ગગડ્યો છે. બીજી તરફ, ડો. વી.કે. વિજયકુમારના જણાવ્યા મુજબ, યુએસ માર્કેટમાં AI વેપાર ઠંડો પડતાં રોકાણકારો નોન-AI સેક્ટર તરફ વળી શકે છે, જે ભારત માટે ફાયદાકારક સાબિત થઈ શકે છે. બજારને સ્થિર કરવા માટે RBI અને સરકારે એફપીઆઈ (FPI) ટેક્સ મુક્તિ અને FCNR થાપણો પર હેજિંગ ખર્ચ માફી જેવા માળખાકીય સુધારા કર્યા છે. આ પગલાંથી ભારતીય રૂપિયો ૯૬.૯૬ ના ઐતિહાસિક નીચલા સ્તરેથી સુધરીને ૯૪.૯૪ પર મજબૂત થયો છે. આ દરમિયાન, સ્થાનિક સંસ્થાકીય રોકાણકારોએ (DII) $૪૪ બિલિયનનું રોકાણ કરીને બજારને મોટો ટેકો આપ્યો છે.

અદાણી એનર્જી ૩,૦૫૦ કરોડમાં ઈન્ટેલીસ્માર્ટ ખરીદશે

મુંબઈ, તા. 9અદાણી એનર્જી સોલ્યુશન્સ લિમિટેડે દેશના સ્માર્ટ મીટરિંગ સેક્ટરમાં સૌથી મોટો ધમાકો કર્યો છે. કંપનીએ ઈન્ટેલીસ્માર્ટ ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રાઈવેટ લિમિટેડમાં ૩,૦૫૦ કરોડના મૂલ્યે ૧૦૦% ઈક્વિટી હિસ્સો ખરીદવા માટે કરાર કર્યા છે. ઈન્ટેલીસ્માર્ટ હાલમાં NIIF અને EESL વચ્ચેનું સંયુક્ત સાહસ છે. આ ઐતિહાસિક હસ્તાંતરણ બાદ અદાણી એનર્જી પાસે ૪.૭ કરોડથી વધુ સ્માર્ટ મીટરનો સંયુક્ત પોર્ટફોલિયો થઈ જશે, જે તેને ભારતનું સૌથી મોટું સ્માર્ટ મીટરિંગ પ્લેટફોર્મ બનાવશે. ઈન્ટેલીસ્માર્ટ અત્યારે ગુજરાત, ઉત્તર પ્રદેશ, મધ્ય પ્રદેશ, બિહાર અને આસામમાં ૨.૨ કરોડથી વધુ સ્માર્ટ મીટરનું સંચાલન કરે છે. જ્યારે અદાણી પાસે ઓલરેડી ૨.૪૬ કરોડ મીટરની ઓર્ડર બુક છે. અદાણી એનર્જીના સીઈઓ કંદર્પ પટેલે જણાવ્યું હતું કે, આ ડીલથી પાવર સેક્ટરમાં ટેક્નોલોજી આધારિત ડિજિટલાઈઝેશન અને પાવર વિતરણના આધુનિકીકરણને નવી ગતિ મળશે. ભારતની સૌથી મોટી ખાનગી ટ્રાન્સમિશન કંપની તરીકે અદાણી આ હસ્તાંતરણથી સ્માર્ટ એનર્જી સેક્ટરમાં પોતાનું એકહથ્થુ વર્ચસ્વ મજબૂત કરશે.

TCS: AI ખતરો નથી પણ હવે પહેલા જેવી આડેધડ ભરતી નહીં થાય

AGMમાં ચેરમેન એન. ચંદ્રશેખરનનો દાવો– કંપનીમાં કર્મચારીઓ અને AI એજન્ટો સાથે મળીને કામ કરશે, નોકરીઓ નહીં ઘટે

મુંબઈ, તા. 9: ટીસીએસ એ તેની એજીએમમાં એઆઈ માટે રોડમેપ રજૂ કર્યો છે. કંપનીના ચેરમેન એન. ચંદ્રશેખરને કહ્યું કે એઆઈ આઈટી માટે ખતરો નહીં પરંતુ એક મોટી તક હશે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે કંપની હવે પહેલાની જેમ મોટાપાયે ભરતી કરશે નહીં, કારણ કે આર્ટિફિશયલ ઈન્ટેલિજન્સ એજન્ટો હવે તે કાર્યો સંભાળી રહ્યા છે, જે માણસો અત્યાર સુધી કરતા હતા. આ ભારતની સૌથી મોટી આઈટી સેવાઓ કંપની ભવિષ્યના કર્મચારીઓ બનાવવાની યોજના બનાવવાની રીતમાં માળખાકીય પરિવર્તનનો સંકેત આપે છે. કંપનીના 31મી વાર્ષિક સાધારણ સભામાં બોલતા ચેરમેન એન. ચંદ્રશેખરે જણાવ્યું હતું કે, કંપનીને આશા છે કે એઆઈ એજન્ટો કર્મચારીઓ સાથે મળીને કામ કરશે. મોટાપાયે ભરતીની જરૂરિયાતને ઘટાડશે, જે લાંબા સમયથઈ ભારતના આઈટી સર્વિસસ સેકટરની ઓળખ છે. તેમણે કહ્યું કે આ ફેરફાર માત્ર ટીસીએસ સુધી મર્યાદિત રહેશે નહીં, પરંતુ તેની અસર સમગ્ર આઈટી સર્વિસ સેકટર પર પડે તેવી સંભાવના છે. કારણ કે એઆઈ હવે સોફ્ટવેર ડેવલપમેન્ટ અને બિઝનેસ પ્રક્રિયાનો એક ભાગ બની રહ્યું છે.

જોકે, ચંદ્રશેખરને નોકરીમાં કાપ મુકવાની ચિંતા દૂર કરવાનો પ્રયાસ કર્યો હતો અને કહ્યું હતું કે, ટીસીએસની કર્મચારીઓની સંખ્યા ઘટાડવાની કોઈ યોજના નથી, તેના બદલે તેમણે કહ્યું કે કર્મચારીઓ અને એઆઈ એજન્ટો સાથે મળીને કામ કરશે. નવી કુશળતા અને કામની માગ ઉભી કરશે.

ચંદ્રશેખરે કહ્યું કે, સ્ટાફની સંખ્યા ઘટાડવાની કોઈ યોજના નથી. અમે ફક્ત યોગ્ય પ્રતિભાને ભાડે લેવા માગીએ છીએ અને એઆઈ એજન્ટોનો ઉપયોગ કરવા માગીએ છીએ, તેમજ શ્રેષ્ઠ પ્રતિભા લાવવા માગીએ છીએ. પરંતુ કર્મચારીઓની ભરતી કરવાની ગતિ પહેલા જેવી રહેશે નહીં, ધીમી પડી શકે છે.

જથ્થાબંધ ખાંડબજાર

પ્રતિ ક્વિન્ટલ ભાવ (રૂ.)

મહારાષ્ટ્ર	
એમ-૩૦ (ભરવાલાયક)	૪૫૦૦
એમ-૩૦	૪૪૫૦
એસ-૩૦	૪૪૦૦
ગુજરાત	
એમ-૩૦	૪૩૫૦
એસ-૩૦	૪૩૦૦

સોના-ચાંદી સુરત

(ટેક્ષ સહિત)

સટાન્ડર્ડ સોનું	૧૫૭૦૫૦
તેજાબી સોનું	૧૫૬૯૬૦
દાગીના-૨૨ કેરેટ	૧૪૮૨૦૦
દાગીના-બીએસઆઈ હોલમાર્ક	૧૫૩૯૦૦
સોનાનાં બિસ્કીટ	૧૫૭૦૫૦૦
ચાંદી (૯૯૯)	૨૫૪૩૦૦
ચાંદી સિક્કા	૨૫૫૮૦૦

તેલ બજાર સુરત

૧૫ કિલોના ભાવ

સીંગતેલ (૧૫ કિ.)	૨૯૫૦	કોપરેલ	૪૮૫૦
સીંગતેલ (૧૫ લિ.)	૨૭૦૦	વનસ્પતિ ઘી	૨૬૦૦
સીંગતેલ (૫ લી)	૯૮૦	સનફ્લાવર	૨૫૬૦
કપાસીયા (૧૫ કિ.)	૨૭૮૦	તલતેલ	૪૬૫૦
કપાસીયા (૧૫ લિ.)	૨૫૪૦	દિવેલ	૨૪૮૦
કપાસીયા (૫ લિ.)	૮૮૦	મકાઇ તેલ	૨૩૬૦
સરસીયું તેલ	૨૬૦૦		

યાર્ન બજાર સુરત

(GST સાથેના ભાવ)

નરેશ / મુકેશ ઘીવાળા ૩૫૧૬૪૪૬ - ૨૫૯૯૯૭૪

પ્રફુલ/સાલાસર/કેપલોન	રૂ.	૭૫/૩૬ ,,	૧૩૭.૫	-----	---
૩૦/૨૪ બ્રાઇટ	૨૭૦	૫૦/૩૬ ,,	૧૪૯	૮૦/૭૨ બ્લેક રોટો	૧૫૧
૩૦/૩૬ એફડી	૨૭૭	૫૦/૪૮ SD/કેપ	૨૪૦	**ગાર્ડન**	
લોકલ		**RIL રિલાયન્સ**		૪૯/૨૪ એફડીવાય	૧૪૩
૬૨/૩૬ ક્રિમ્પ	૧૪૫	૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૨	૩૦/૧૪ ક્રિમ્પ	૧૯૫
૬૮/૩૬	૧૪૪	૧૧૪.૧૩ રોટો	---	૬૨ ક્રિમ્પ	૧૪૮
૭૨/૩૬ ક્રિમ્પ	૧૪૨	૧૦૦ ટેક્ષ	૧૪૦	૬૮ ક્રિમ્પ	૧૪૭
૯૦/૩૬ ક્રિમ્પ	૧૪૧	**વેલનોન** (જીએસટી સાથે)		૭૨ ક્રિમ્પ	૧૪૩
૮૪/૪૮ ક્રિમ્પ	૧૪૧	૮૦/૭૨ રોટો	૧૪૫	૭૫ ક્રિમ્પ	૧૪૨
૩૦/૧૪ ક્રિમ્પ		૮૦/૭૨ ફોલ્ડર	૧૫૧	૮૦ ક્રિમ્પ	૧૪૦
૮૦/૭૨ રોટો.	૧૪૨	૧૬૦ ડીસ્કેટ	૧૫૧	૮૦/૭૨ રોટો	૧૪૩.૫
૮૦/૩૬ રોટો.	૧૪૩	---	---	૩૦/૨૪ બ્રાઇટ	---
૧૫૦/૪૮બ્રાઇટ	૧૩૯	૮૦/૧૦૮ ,,	૧૪૩.૫	૩૦/૩૬ એફડી	---
				TPM	૧૪૨.૫

સોશ્યલ મીડિયાના શહેનશાહ ખાન સર વિવાદોમાં ફસાઈ ગયા છે

બિહારના પ્રખ્યાત શિક્ષક અને ખાન ગ્લોબલ સ્ટડીઝના સ્થાપક ખાન સર માટે મુશ્કેલીઓ વધતી જતી હોય તેવું લાગે છે. બિહાર પોલીસે તેમની કોચિંગ ઇન્સ્ટિટ્યૂટમાં વિવાદ અને ગોળીબારના સંદર્ભમાં બે સુરક્ષા ગાર્ડની ધરપકડ કરીને જેલમાં ધકેલી દીધા છે. આ કેસમાં ખાન સરનું નામ પણ આરોપી તરીકે રાખવામાં આવ્યું છે. સોમવારે પટનાના પ્રિન્સિપલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન્સ જજ રૂપેશ દેવની કોર્ટમાં ખાન સર વતી તેમના વકીલ અરવિંદ મૌર દ્વારા આગોતરા જામીનની અરજી દાખલ કરવામાં આવી હતી. પટના જિલ્લા ન્યાયાધીશે તેમની ધરપકડ પર રોક લગાવી દીધી છે. પટનામાં તેમના કોચિંગ સેન્ટરની બહાર તોડફોડ અને ગોળીબારના કેસમાં આ રાહત આપવામાં આવી છે. પોલીસના જણાવ્યા અનુસાર તોડફોડના કેસમાં ખાન સર અને તેમની ખાન ગ્લોબલ સ્ટડીઝ ઇન્સ્ટિટ્યૂટનું નામ લેવામાં આવ્યું છે. આ કેસમાં ખાન સર અને તેમના મુખ્ય હરીફ વચ્ચેની લડાઈ બહાર આવી છે. ગયા મંગળવારે રાત્રે ૧૫-૨૦ લોકોએ સંસ્થાનાં પોસ્ટર ફાડી નાખ્યાં હતાં અને પથ્થરમારો કર્યો હતો,ત્યાર બાદ આ ગાર્ડ્સે ગોળીબાર કર્યો હતો.

પટનામાં ગરીબ બાળકોને મફતમાં અથવા ઓછી ફીમાં સ્પર્ધાત્મક પરીક્ષાઓ માટે તૈયાર કરતી કોચિંગ સંસ્થાઓ ખૂબ પ્રખ્યાત છે. હાલમાં બે કોચિંગ સંસ્થાઓ વચ્ચે ગંભીર વિખવાદ ચાલી રહ્યો છે. એક સંસ્થા ફૈઝલ ખાન (ખાન સર) દ્વારા સંચાલિત છે અને બીજી સંસ્થા રોશન આનંદ દ્વારા સંચાલિત છે. ખાન સરના સોશ્યલ મીડિયામાં કરોડો ચાહકો છે. થોડા દિવસો પહેલાં આ બે સંસ્થાઓ વચ્ચે વિખવાદ થયો હતો. ખાન સરે આરોપ લગાવ્યો હતો કે રોશન આનંદની જ્ઞાન બિંદુ કોચિંગ સંસ્થા સાથે સંકળાયેલાં લોકોએ તેમના પર ગોળીબાર કર્યો હતો. આ ઘટનાએ ભારે હોબાળો મચાવ્યો હતો અને રોશન આનંદની ધરપકડ કરવામાં આવી હતી. પોલીસ તપાસમાં બહાર આવ્યું કે શરૂઆતમાં ગોળીબાર જ્ઞાન બિંદુ દ્વારા નહીં, પરંતુ ખાન સરના અંગરક્ષકો દ્વારા કરવામાં આવ્યો હતો. પરિણામે ખાન સર સામે પણ કેસ દાખલ કરવામાં આવ્યો હતો.

દરમિયાન સોમવારે પટનામાં વિદ્યાર્થીઓએ જ્ઞાન બિંદુ કોચિંગના ડિરેક્ટર રોશન આનંદની મુક્તિની માંગણી સાથે મીણબત્તી પ્રગટાવીને રેલી કાઢી હતી. તેમણે રોશન આનંદના સમર્થનમાં સૂત્રોચ્ચાર કર્યા હતા અને ખાન સરની ધરપકડની માંગણી કરી હતી. અગાઉ ખાન સરનો એક નવો વીડિયો સામે આવ્યો હતો. આ વીડિયોમાં તેઓ વર્ગખંડમાં વિદ્યાર્થીઓને તેમના કોચિંગ સેન્ટર પર થયેલા હુમલા વિશે જણાવી રહ્યા છે. ખાન સર વર્ગખંડમાં વિદ્યાર્થીઓને કહી રહ્યા છે કે કોચિંગ ગાર્ડને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. તેઓ વર્ગખંડની ફી ઘટાડવાની પણ વાત કરે છે. ખાન સરે એમ પણ કહ્યું હતું કે જો ખાન ગ્લોબલ સ્ટડીઝ બંધ થઈ જાય તો આગામી છ મહિનામાં ઘણી કોચિંગ સંસ્થાઓની ફી એકથી દોઢ લાખ રૂપિયા સુધી પહોંચી જશે.

૩૨ વર્ષીય ખાન સરનું પૂરું નામ ફૈઝલ ખાન છે. તેઓ હાલમાં ફક્ત પટના અને બિહારમાં જ નહીં, પરંતુ દેશભરમાં શિક્ષણજગતમાં એક પ્રખ્યાત શિક્ષક તરીકે ઓળખાય છે અને તેઓ દેશભરનાં યુવાનોનાં હૃદય પર રાજ કરે છે. આનું મુખ્ય કારણ તેમની શિક્ષણશૈલી અને યુટ્યુબ દ્વારા વિદ્યાર્થીઓને સમજવાની તેમની ક્ષમતા છે. ખાન સરની યુટ્યુબ ચેનલે ઘણાં યુવાનોનાં સપનાં સાકાર કર્યાં છે. ખાન સર મૂળ ઉત્તર પ્રદેશના દેવરિયા જિલ્લાના ભાટપર રાણી નગરના રહેવાસી છે. તેમનો જન્મ ૧૨ ડિસેમ્બર, ૧૯૯૩ ના રોજ એક મધ્યમ વર્ગના પરિવારમાં થયો હતો. તેમના પિતા એક નાના કોન્ટ્રાક્ટર હતા અને તેમની માતા ગૃહિણી હતી. તેમણે ભાટપર રાણીમાં પોતાનું શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યું અને બાદમાં અલ્હાબાદ યુનિવર્સિટીમાંથી

ટુ ધ પોઇન્ટ

▪ સંજય વોરા ▪

અભ્યાસ કર્યો, જ્યાં તેમણે વિજ્ઞાનમાં સ્નાતક અને ભૂગોળમાં માસ્ટર ડિગ્રી મેળવી હતી. ખાન સર બાળપણથી જ ભારતીય સેનામાં જોડાવા માંગતા હતા, પરંતુ તબીબી પરીક્ષણોમાં નિષ્ફળ જતાં તેમનું સ્વપ્ન ચકનાચૂર થઈ ગયું હતું. ખાન સરના એક ભાઈ પણ આર્મીમાં કમાન્ડો છે.

આર્મીમાં જોડાવામાં નિષ્ફળ ગયા પછી તેમણે શિક્ષણ આપવું એ મુખ્ય ધ્યેય બનાવ્યું. ૨૦૧૦ માં તેઓ દેવરિયા છોડીને પટના ગયા. તેમને પટનામાં પણ ઘણા સંઘર્ષોનો સામનો કરવો પડ્યો. તેમણે પોતે અભ્યાસ કર્યો અને બાળકોને ઘરે ઘરે ટ્યુશન આપવાનું શરૂ કર્યું. શરૂઆતના દિવસોમાં તેઓ ઘરે ઘરે જઈને શિક્ષણ આપતા હતા અને દરરોજ માત્ર ૪૦ રૂપિયા કમાતા હતા. પટનામાં ખાન સરે ઘરે-ઘરે કોચિંગ સેન્ટરોમાં શિક્ષણ આપવાનું શરૂ કર્યું, જેમાં ડોર-ટુ-ડોર ટ્યુશનનો સમાવેશ થાય છે. ત્યાર બાદ તેમણે પોતાનું કોચિંગ સેન્ટર ખાન ગ્લોબલ સ્ટડીઝ ખોલ્યું. શરૂઆતના દિવસોમાં તેમનું કોચિંગ સેન્ટર ખૂબ સફળ નહોતું, જેમાં ખૂબ ઓછાં વિદ્યાર્થીઓ આવતા હતાં. જો કે, ૨૦૧૯-૨૦ના લોકડાઉન સાથે તેમનું નસીબ બદલાઈ ગયું. લોકડાઉન દરમિયાન બધી શૈક્ષણિક સંસ્થાઓ બંધ થઈ ગઈ હતી. તે સમયે એક શ્વેતપત્ર સાથે તેમણે પોતાની યુટ્યુબ ચેનલ ખાન જી.એસ. રિસર્ચ સેન્ટર શરૂ કરી અને ઓનલાઈન શિક્ષણ આપવાનું શરૂ કર્યું. તેમની યુટ્યુબ ચેનલ શરૂ કર્યા પછી તરત જ, તેઓ માત્ર બિહારમાં જ નહીં પરંતુ દેશભરમાં તેમની અનોખી શિક્ષણ પદ્ધતિઓ અને મુશ્કેલ વિષયોને સરળ અને રસપ્રદ બનાવવાની ક્ષમતા માટે જાણીતા બન્યા. તેમણે ૨૦૨૧ માં એક એપ પણ લોન્ચ કરી અને જે વિદ્યાર્થીઓ શહેરમાં મુસાફરી કરી શકતાં ન હતાં તેમને ઓનલાઈન કોર્સ ઓફર કરવાનું શરૂ કર્યું. લોકડાઉન સમાપ્ત થયા પછી તેમના કોચિંગ ક્લાસમાં ભીડ આવવા લાગી અને ટૂંક સમયમાં ખાન સર માત્ર બિહારમાં જ નહીં પરંતુ દેશભરમાં પ્રખ્યાત ગ્રામીણ શિક્ષક બન્યા અને નોંધપાત્ર કમાણી કરવા લાગ્યા. મીડિયા અહેવાલો અનુસાર ખાન સર હવે ૪૦ કરોડ રૂપિયાથી વધુની સંપત્તિના માલિક છે.

જેમ જેમ ખાન સર લોકપ્રિયતા મેળવતા ગયા તેમ તેમ વિવાદોમાં તેમની સંડોવણી પણ વધતી ગઈ અને તેઓ વિવાદોમાં વધુ ને વધુ સંડોવાતા ગયા. જાન્યુઆરી ૨૦૨૨ માં રેલવે ભરતી બોર્ડની પરીક્ષાઓ સંબંધિત વિરોધ પ્રદર્શનોના સંદર્ભમાં ખાન અને અનેક કોચિંગ ઇન્સ્ટિટ્યૂટના શિક્ષકો સામે FIR દાખલ કરવામાં આવી હતી. ખાન સર તે સમયે સમાચારમાં હતા કારણ કે તેમનો એક વીડિયો જેમાં વિદ્યાર્થીઓને ઉશ્કેરવામાં આવ્યાં હતાં, જેમાં તેમણે કહ્યું હતું કે અધિકારો માટે લડવું જરૂરી છે, તે વાયરલ થયું હતું. ડિસેમ્બર ૨૦૨૪ માં તેમણે બિહાર પબ્લિક સર્વિસ કમિશનની પરીક્ષામાં ફેરફારો સંબંધિત વિરોધ પ્રદર્શનોમાં ભાગ લીધો હતો. હકીકતમાં, તે સમયે ઘણા પ્રખ્યાત કોચિંગ અને ફિલ્મી શિક્ષકો વિદ્યાર્થીઓના સમર્થનમાં બહાર આવ્યા હતા, જેના કારણે ખાન સરને પણ તેમાં ભાગ લેવાની ફરજ પડી હતી. જૂન ૨૦૨૫ માં ખાન સરના પટનામાં લગ્ન સમારંભ દરમિયાન તેમની પત્નીના બુરખા અંગે પણ વિવાદ પેદા થયો હતો. આ દરમિયાન ખાન સરના કાકાએ તેમની વિરુદ્ધ ગુંબેશ શરૂ કરી છે. ઉત્તર પ્રદેશના દેવરિયાના રહેવાસી નિસાર અહેમદે ખાન સરની ડિગ્રી નકલી હોવાનો દાવો કર્યો છે. તેમના કહેવા મુજબ ખાન પાસે કોઈ ખાસ શૈક્ષણિક લાયકાત નથી. તેમની બધી ડિગ્રીઓ નકલી છે. તેઓ ફ